## આંક–૧૩૦ના હુકમ નીચે સજા અંગે સાંભળ્યા બાદ કરેલ વધુ હુકમ

| | |
|---|---|
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદ/સરકારશ્રી તરફે | વિ.એ.પી.પી.સુ.શ્રી જી.વી.વ્યાસ |
| આરોપી | અજયભાઇ ઉર્ફે વિક્રમ રાજુભાઇ વાઘરી ઉ.વ. ૨૫ વર્ષ ચાર્જશીટ મુજબ, હાલ ઉ.વ.આશરે ૩૦ વર્ષ, ધંધો. વેપાર હાલ રહે. એસ.ટી.ડેપોની બાજુમાં ઈન્દીરા નગર, ઝુપડપટ્ટી, ભરૂચ. મુળ રહે. નવા પુરા એસ.એસ.સી. બોર્ડની સામે વાઘરીવાડ મોહલ્લો લત્તા નં. ૧,૨ વડોદરા. |
| આરોપી તરફે | વિ.વકીલશ્રી જે.વી. પટેલ |

| | |
|---|---|
| સજા અંગે સાંભળ્યા તારીખ | તા.૦૪/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | તા.૦૪/૦૭/૨૦૨૬ |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયાં ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી | સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે . |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અજયભાઇ ઉર્ફે વિક્રમ રાજુભાઇ વાઘરી | ૨૭/૦૩/૨૦૨૧ | ૦૫/૧૦/૨૦૨૩ના રોજ આ ગુનાના કામે જામીન મુકત | ઇ.પી.કો. કલમ–354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2), 506(2), 363 અને જાતીય ગુનાઓથી બાળકો ના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–11(4) ના ભંગ બદલ કલમ–12 | કસુરવાર | (૧)ઇ.પી.કો. કલમ– ૩૬૩ ના ગુનામાં પાંચ વર્ષ ની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા)નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક(૧) વર્ષની સાદી કેદની સજા. (૨) ઇ.પી.કો. કલમ– | તા.૨૭/૦૩/૨૦૨૧ના રોજ ધરપકડ અને તા.૦૫/૧૦/૨૦૨૩ ના રોજ જામીન મુકત ત્યારબાદ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જયુડીશ્યલ કસ્ટડીમાં |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૫૦૬(૨) ના ગુનામાં પાંચ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા. (૩) જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ-૧૧(૪)ના ભંગ બદલ કલમ-૧૨ ના ગુનામાં દોઢ વર્ષ ની સખત કેદની સજા અને રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો વધુ ત્રણ(૩) માસની સાદી કેદી ની સજા. | લીધા. |

૧. વિ.એ.પી.પી.સુ.શ્રી.જી.વી.વ્યાસને, આરોપી અજયભાઇ ઉર્ફે વિક્રમ રાજુભાઇ વાઘરીના વિ.વકીલશ્રી જે.વી.પટેલનેસાંભળ્યા તથા આરોપીને જેલમાંથી વી.સી.માં સાંભળ્યા અને આરોપી જણાવે છે કે, તેમની ભુલ થઇ ગઇ છે.

૨. વિ.એ.પી.પી.સુ.શ્રી જી.વી.વ્યાસ તેની દલીલમાં રજુઆત કરે છે કે, ભોગબનનાર સાથે આ ગંભીર ગુનાહીત કૃત્ય કરેલ છે, ગંભીર ગુનો છે, બનાવ સમયે ભોગબનનારની ઉંમર ખુબ જ નાની હતી, જેથી કાયદામાં જણાવેલી પુરેપુરી સખત સજા અને દંડ કરવો જોઇએ અને ભોગબનનારને વળતર અપાવવું જોઇએ.

૩. આરોપીના વિ.વ.શ્રી જે.વી.પટેલ તેમની દલીલમાં જણાવે છે કે, આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી, અગાઉ આરોપી આ ગુનામાં ૨ વર્ષ ૬ મહીના ૮ દિવસ જેલમાં હતો તે સજા મજરે આપવા વિનંતી કરે છે અને આરોપીની જેલમાં કન્ડકટ ખરાબ હોય તેવો જેલરશ્રી તરફે કોઈ રીપોર્ટ નથી, આરોપીની હાલ ઉંમર આશરે ૩૦ વર્ષની છે તે ઉંમર ધ્યાને લઈ, સુધરવાની તક આપવા વિનંતી કરે છે અને નામદાર કોર્ટ દરેક કલમમાં અલગ અલગ સજા કરે તો તમામ સજા એક સાથે ભોગવવા હુકમ કરવા વિનંતી કરે છે અને જેલમાં જે આરોપી હતો તે સમયગાળા પુરતી જ સજા કરવા વિનંતી કરે છે અને ઓછામા ઓછી સજા કરવા અને આરોપી ગરીબ હોય દંડ ભરી ન શકે તેમ હોય ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી કરે છે.

૪. ઉપરોકત રજુઆત ધ્યાને લીધી, હાલના આરોપીને તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજ ઉપરોકત ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરેલ અને ત્યાર આરોપી હાજર ન હોય આરોપી સામે પકડ વોરંટ કાઢેલ, ત્યારબાદ આરોપી હોસ્પીટલ ફોર મેન્ટલ હેલ્થ, વડોદરામાં તા.૩૦/૦૬/૨૦૨૬ના રોજ દાખલ થયેલ હોય તેવો પકડ વોરંટમાં શેરો આવેલ જે આંક-૧૩૧ના પકડ વોરંટ નીચે વિગતવાર હુકમ કરીને હોસ્પીટલ ફોર મેન્ટલ હેલ્થ, વડોદરાના ડોકટર/સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી પાસેથી આરોપી અનસાઉન્ડ માઈન્ડ છે કે નથી અને તેની સારવારની શું સ્થીતી છે અને તેની સારવાર કરાવનાર ડોકટરનું કલીનીકલ નિદાન શું છે અને સારવાર કઈ બાબતે ચાલુ છે તે બાબતે રીપોર્ટ મંગાવેલ ત્યારબાદ પોલીસ તરફથી આરોપીને તા.૦૩/૦૭/૨૦૨૬ના રોજ આંક-૧૩૪ ના રીપોર્ટથી પકડીને રજુ કરેલ અને ડોકટરે જે સર્ટીફીકેટ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ એચએમએચવી/સી. નં/૨૯/૨૦૨૬ આપેલ અને તેમાં આરોપી પોલી સબસ્ટન્સ એબ્યુઝથી સફરીંગ હોવાનું અને તા.૩૦/૦૬/૨૦૨૬ના ૬.૦૦ વાગે દાખલ થયેલ અને ઓ.પી.ડી.

તરીકે તા.૧૦/૦૭/૨૦૧૭ થી ટ્રીટમેન્ટ લેતો હતો અને તે ટ્રીટમેન્ટ અને ફોલોઅપમાં ઈરરેગ્યુલર હતા અને ઘણી વાર ઈન્ડોર પેશન્ટ તરીકે ટ્રીટમેન્ટ લીધેલી છે તે બાબતે સર્ટીફીકેટ આપેલ અને આરોપીને પોલીસ અત્રે તા.૦૩/૦૭/૨૦૬ના રોજ રજુ કરેલ ત્યારે, આંક–૧૩૧ના હુકમ મુજબ ડોકટરે માહિતી આપેલ ન હોય તેથી હોસ્પીટલ ફોર મેન્ટલ હેલ્થ, વડોદરાના સંબંધીત ડોકટર પાસેથી આરોપીની આંક–૧૩૧ના હુકમ મુજબની માહિતી માટે ડોકટરને વી.સી.સાંભળવા જરૂરી હોય તેથી તે બાબતે આંક–૧૩૪ નીચે હુકમ કરેલ અને ત્યારબાદ ડોકટર રાકેશ જે. શાહને સાંભળેલ અને ડો.રાકેશ જે.શાહ એ નિ.૧૩૫/૧ થી મેડીકલ સર્ટીફીકેટ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ મોકલેલ જે પોલીસે તા.૦૩/૦૭/૨૦૨૬ના ૧૮.૪૦ એ રજુ કરેલ અને તે સર્ટીફીકેટમાં જણાવેલ છે કે, '' Here I am submitting answer of asked questions regarding Godadiya Ajay Rajubhai. Age 19 years who resides at Navapura, Jattaa no. 1, Beside 56 quarter, Vadodara , suffering from: Poly substance abuse. He was understanding nature of his illness, nature of crime, probable punishment, Court proceeding. He was not unsound of mind at the time of discharge. He was intoxicated at the time of admission on 30/6/26 at 6.00 pm. He reported that he had consumed Alcohol, cannabis & tobacco. His urine test for cannabis & benzodiazepine was positive. He was on oral medicine & better. Patient & his relative asked for discharge & so patient discharge on request on 2/7/26 at 3.00 pm. He was not unsound of mind at the time of discharge. He advice to come for follo up for deaddiction as outdoor patient. He was under Dr. Rakesh j. Shah, superintendent & psychiatrist treatment.'' આ રીતે સર્ટીફીકેટ આવેલ અને આંક–૧૩૪ નીચે વધુ વિગતવાર હુકમ કરીને તે હુકમ મુજબ આરોપીને જ્યુડીશ્યલ કસ્ટડીમાં લેવામાં આવેલ.

૫. ઉપરોકત રજુઆત તથા હકીકત ધ્યાને લીધી, આરોપી સામેનો જે ગુનો છે અને તેમાં આરોપીને દોષીત ઠરાવેલ છે તે અને બનાવની હકીકત અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ અને પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ ૧૯૫૮ની જોગવાઇને ધ્યાને લેતા અને બનાવ વખતે ભોગબનનારની ઉંમર સાથે ધ્યાને લઇ અને તેની સાથે આરોપીએ ગંભીર ગુનાહીત કૃત્ય કરેલ છે અને તે ધ્યાને લેતા આરોપીને પ્રોબેશનનો લાભ આપવા પાત્ર જણાતો નથી.

૬. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો આરોપી ધ્વારા ભોગબનનાર સાથે ઉપરોકત હુકમમાં જણાવ્યા પ્રમાણે ગંભીર ગુનાહીત કૃત્ય કરેલ છે અને બનાવ વખતે ભોગબનનાર ૦૬ વર્ષ ૧૦ માસ અને ૧૪ દિવસની સગીર ઉંમરની હતી ત્યારે આરોપીએ આ ગંભીર ગુનાહીત કૃત્ય કરેલ છે અને ભોગબનનારનું ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે અપહરણ કરેલ અને ભોગબનનારની જાતીય ઈરાદાથી ગુનાહીત બળ વાપરી જાતીય સતામણી કરેલ અને ભોગબનનારને બાથ ભરી તે રીતે ભોગબનનારનો શારીરીક સ્પર્શ કરેલ અને ભોગબનનારને ચહેરા ઉપર પપ્પી કરવાનો પ્રયત્ન કરેલ અને ભોગબનનારને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને પ્રોસીકયુશને આરોપી સામે ઉપરોકત રીતે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે અને સમાજ વ્યવસ્થાને અને સામાજીક રીતે અસર કરતો ગુનો છે અને સાથે એ.આઇ.આર. ૧૯૭૩ સુ.કો. પાના નં.૨૨૦૦ ઉપર રીપોર્ટ થયેલ કેસ " રામનારાયણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ" તે કેસના પેરા –૫ના પાના નં.૨૨૦૩ ઉપર નામ.સર્વોચ્ચ અદાલતે સજાના પ્રશ્ન નીચે મુજબ માર્ગદર્શન આપેલ છે.

(5) The next question is one of sentence which is always a matter of some difficulty. It generally poses a complex problem which requires a working compromise between the competing views based on reformative, deterrent and retributive theories of punishments. Though

a large number of factors fall for consideration in determining the appropriate sentence, the broad object of punishment of an accused found guilty in progressive civilized societies is to impress on the guilty party that commission of crime does not pay and that it is both against his individual interest and also against the larger interest of the society to which he belongs. The sentence to be appropriate should, therefore, be neither too harsh nor too lenient.

૭. એ.આઈ.આર. ૧૯૭૬ સુ.કો. પાના નં.૩૯૨ ઉપર રીપોર્ટ થયેલ કેસ " રામઆશ્રય ચક્રવતી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ" નો ધ્યાનમાં આવેલ છે. તે ચુકાદાના પાના નં.૩૯૩ પેરા નં.૬માં નીચે મુજબ નામ.સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે.

( 6 ) In judging the adequacy of a sentence the nature of the offence, the circumstances, of its commission, the age and character of the offender, injury to individuals or to society, effect of the punishment on the offender, eye to correction and reformation of the offender, are some amongst many other factors which would be ordinarily taken into consideration by courts.

૮. આ અદાલતે એ.આઈ.આર. ૧૯૮૮ સુ.કો. પાના નં.૨૧૨૭ ઉપર પ્રસિધ્ધ થયેલ કેસ " હરકીશન અને સ્ટેટ ઓફ હરીયાણા વિરૂધ્ધ સુખબીરસિંહ અને બીજાઓ" ના કેસમાં વળતર માટે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત લક્ષ્યમાં લીધેલ છે.

(10) SUB-SECTION (1) of Section 357 provides power to award compensation to victims of the offence out of the

sentence of fine imposed on accused. In this case, we are not concerned with sub-section (1 ). We are concerned only with sub-section (3 ). It is an important provision but Courts have seldom invoked it. Perhaps due to ignorance of the object of it. It empowers the Court to award compensation to victims while passing judgment of conviction. In addition to conviction, the Court may order the accused to pay some amount by way of compensation to victim who has suffered by the action of accused. It may be noted that this power of Courts to award compensation is not ancillary to other sentences but it is in addition thereto. This power was intended to do something to reassure the victim that he or she is not forgotten in the criminal justice system. It is a measure of responding appropriately to crime as well of reconciling the victim with the offender. It is, to some extent, a constructive approach to crimes. It is indeed a step forward in our criminal justice system. We, therefore, recommend to all Courts to exercise this power liberally so as to meet the ends of justice in a better way.

( 11 ) THE payment by way of compensation must, however, be reasonable. What is reasonable, may depend upon the facts and circumstances of each case. The quantum of compensation may be determined by taking into account the nature of crime, the justness of claim by the victim and the ability of accused to pay. If there are more than one accused they may be asked to pay in equal terms unless their capacity to pay varies considerably. The payment may also vary depending upon the acts of each

accused. Reasonable period for payment of compensation, if necessary by installments, may also be given. The Court may enforce the order by imposing sentence in default.

૯. ઉપરોકત ચુકાદા ધ્યાને લેવામાં આવે અને આરોપી સામેનું રેકર્ડ અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેવામાં આવે અને આરોપીએ ભોગબનનાર સગીર ઉંમરની હોવા છતાં તેની સાથે ઉપરોકત ચર્ચા મુજબ ગંભીર ગુનો કરેલ છે, તે ધ્યાને રાખી જોવામાં આવે આવે અને સાથે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ કલમ ૨૦૧૨ની કલમ–૪૨ ની જોગવાઈ જોવામાં આવે અને તેમાં જણાવેલ છે કે,[1][42. Alternate punishment.—Where an act or omission constitutes an offence punishable under this Act and also under sections 166A, 354A, 354B, 354C, 354D, 370, 370A, 375, 376, [2][376A, 376AB, 376B, 376C, 376D, 376DA, 376DB], [3][376E, section 509 of the Indian Penal Code or section 67B of the Information Technology Act, 2000 (21 of 2000)], then, not withstanding anything contained in any law for the time being in force, the offender found guilty of such offence shall be liable to punishment only under this Act or under the Indian Penal Code as provides for punishment which is greater in degree."

આ જોગવાઈને ધ્યાને રાખી જાતીય ગુના બાબતથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ની કલમ– ૧૨ ની જોગવાઈ જોવામાં આવે તો,

12. Punishment for sexual harassment.—

Whoever, commits sexual harassment upon a child shall be punished with imprisonment of either description for a term which may extend to three years and shall also be liable to fine.

ઉપરોકત જોગવાઈ તથા ઈ.પી.કો.કલમ–354 A (1) (i) ના ભંગ બદલ

354 A (2) માં જે સજાની જોગવાઈ છે તે જોવામાં આવે તો,

354A. Sexual harassment and punishment for sexual harassment.—

(1)A man committing any of the following acts--

(i)physical contact and advances involving unwelcome and explicit sexual overtures; or

(ii) ...

(iii) ...

(iv) ....

shall be guilty of the offence of sexual harassment.

(2) Any man who commits the offence specified in clause (i) or clause (ii) or clause (iii) of sub-section (1) shall be punished with rigorous imprisonment for a term which may extend to three years, or with fine, or with both.

ઉપરોકત જોગવાઇ અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૪૨ ને સાથે ધ્યાને લેતા આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૧(૪)ના ભંગ બદલ ૧૨ તથા ઇ.પી.કો. કલમ–૩૬૩ માં સજાની જોગવાઇ જોતાં અને આરોપી તરફેની રજુઆત તેમજ તેની ઉંમર તેમજ એગ્રીવેટીંગ એન્ડ મીટીંગેટીંગ સંજોગો ધ્યાને લેતા અને આરોપીને જે ગુનામાં તકસીરવાન ઠરાવેલ છે તે ધ્યાને લેતા અને

જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૧(૪)ના ભંગ બદલ કલમ–૧૨માં જે સજાની જોગવાઇ છે તથા ઇ.પી.કો. કલમ–354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2) માં જે સજાની જોગવાઇ છે અને ઉપરોકત બંને સજાની જોગવાઇ જોતાં આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૧(૪)ના ભંગ બદલ કલમ–૧૨માં યોગ્ય દંડ અને સજા કરવી ન્યાયી જણાય છે અને ઇ.પી.કો. કલમ–354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2) માં અલગથી સજા, દંડ કરવો ન્યાયી જણાતો નથી તેમજ ઇ.પી.કો. કલમ–૩૬૩ તથા ૫૦૬(૨) માં પણ આરોપીને યોગ્ય સજા અને દંડ કરવો ન્યાયી છે તેમજ આરોપીને જે ગુનાની કલમોમાં સજા કરવામાં આવે તે એકીસાથે ભોગવવી તેવો હુકમ કરવો પણ ન્યાયી છે અને આરોપી આ ગુનામાં જેટલો સમય જેલમાં રહેલ છે તે સમય સજામાં મજરે આપવો પણ ન્યાયી છે.

૧૦. ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા આરોપીને ઇ.પી.કો. કલમ–૩૬૩ના ગુનામાં પાંચ વર્ષ ની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા)નો દંડ કરવો ન્યાયી છે અને જો દંડ ન ભરે તો વધુ એક(૧) વર્ષની સાદી કેદની સજા કરવી ન્યાયી છે.

૧૧. ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા આરોપીને ઇ.પી.કો. કલમ– **506** પાર્ટ ૨ ના ગુનામાં પાંચ (૫) વર્ષની સખત કેદની સજા અને રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) નો દંડ ન્યાયી છે અને જો આરોપી દંડ ન ભરે તો એક(૧) વર્ષની વધુ સાદી કેદની સજા કરવી ન્યાયી છે.

૧૨. ઉપરોકત કરેલ ચર્ચાને ધ્યાને લેતા આરોપી રાહુલભાઇ મહેશભાઇ વસાવાને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ

૨૦૧૨ ની કલમ–૧૧(૪) ના ભંગ બદલ કલમ–૧૨ ના ગુનામાં દોઢ વર્ષની સખત કેદની સજા અને રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ કરવો ન્યાયી છે અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ(૩) માસની સાદી કેદની સજા કરવી ન્યાયી છે.

૧૩. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૩૩(૮) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો–૯ ની જોગવાઇ ઘ્યાને લેતા ભોગબનનારને યોગ્ય વળતર અપાવવું ન્યાયી જણાય છે અને ભોગબનનાર સાથે જે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો બનાવ બનેલ છે અને આરોપીએ જે ઉપરોકત ગુનો કરેલ છે, તે જોતાં ભોગબનનાર અને તેના કુટુંબીજનોને માનસીક આઘાત પણ ખુબ જ પ્રમાણમાં લાગેલો હોય અને ભોગબનનાર સાથે જે કૃત્ય થયેલ છે, તેની અસર ભોગબનનારના મનમાં રહે અને ભોગબનનાર અને તેના કુટુંબીજનોને આ ગુનાહીત કૃત્યથી માનસીક યાતના ભોગવવી પડેલ છે, તેને ઘ્યાને લેતા અને ગુજરાત વિકટીમ કોમ્પનસેશન સ્કીમ ૨૦૧૯ની જોગવાઇનો હેતુ ઘ્યાને લેતા અને ભોગબનનાર બનાવ વખતે ૦૬ વર્ષ ૧૦ માસ અને ૧૪ દિવસની સગીર વયની બાળા હતી તે ઘ્યાને લેતા અને ભોગબનનાર સાથે જે ગુનાહીત કૃત્ય થયેલ છે, તેને ઘ્યાને લેતા ભોગબનનારને રૂા.૨,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પુરા) વળતરનાં જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચમાંથી મળે તે ન્યાયી છે અને તે માટે હુકમ કરવો ન્યાયી છે અને સાથે આરોપીને જે દંડ થાય તેમાંથી અડધી રકમ ભોગબનનારને અપાવવી ન્યાયી જણાય છે અને ભોગબનનારને કે તેના કુટુંબીજનોને આ બનાવ સબબ સરકારની અન્ય કોઈ પણ યોજનામાંથી જો વળતર મળેલ હોય તો તે રકમ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચ જે વળતર ચુકવે તે રકમમાંથી મજરે ગણવાની પણ રહે તેવો હુકમ કરવો ન્યાયી છે જેથી ન્યાયના હિતમાં ઉપરોકત કરેલ ચર્ચા રજુઆત અને

પુરાવો ધ્યાને લેતા મુદા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

૧૪. પોકસો કેસ નં. ૫૦/૨૦૨૧ ના આરોપી અજયભાઇ ઉર્ફે વિક્રમ રાજુભાઈ વાઘરી ,ઉ.વ.હાલ ૩૦ વર્ષ, હાલ રહે. એસ.ટી.ડેપોની બાજુમાં ઇન્દીરા નગર, ઝુપડપટ્ટી, ભરૂચ.,મુળ રહે. નવા પુરા એસ.એસ.સી. બોર્ડની સામે વાઘરીવાડ મોહલ્લો લત્તા નં. ૧,૨ વડોદરા ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) મુજબ ઇ.પી.કો. કલમ–૩૬૩ના શિક્ષાપાત્ર ગુનામાં પાંચ (૫) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/–(અંકે રૂપિયા વીસ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો એક(૧) વર્ષની વધુ સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૧૫. પોકસો કેસ નં. ૫૦/૨૦૨૧ ના આરોપી અજયભાઇ ઉર્ફે વિક્રમ રાજુભાઈ વાઘરી ,ઉ.વ.હાલ ૩૦ વર્ષ, હાલ રહે. એસ.ટી.ડેપોની બાજુમાં ઇન્દીરા નગર, ઝુપડપટ્ટી, ભરૂચ.,મુળ રહે. નવા પુરા એસ.એસ.સી. બોર્ડની સામે વાઘરીવાડ મોહલ્લો લત્તા નં. ૧,૨ વડોદરાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) મુજબ ઇ.પી.કો. કલમ– **506** પાર્ટ ૨,ના શિક્ષાપાત્ર ગુનામાં પાંચ (૫) વર્ષની સખત કેદની સજા અને રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો એક(૧)વર્ષની વધુ સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૧૬. પોકસો કેસ નં. ૫૦/૨૦૨૧ ના આરોપી અજયભાઇ ઉર્ફે વિક્રમ રાજુભાઈ વાઘરી ,ઉ.વ.હાલ ૩૦ વર્ષ, હાલ રહે. એસ.ટી.ડેપોની બાજુમાં ઇન્દીરા નગર, ઝુપડપટ્ટી, ભરૂચ.,મુળ રહે. નવા પુરા એસ.એસ.સી. બોર્ડની સામે વાઘરીવાડ મોહલ્લો લત્તા નં. ૧,૨

વડોદરાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) મુજબ જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ-૧૧(૪) ના ભંગ બદલ કલમ–૧૨ ના શિક્ષાપાત્ર ગુનામાં દોઢ વર્ષની સખત કેદની સજા અને રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો ત્રણ (૩) માસની વધુ સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૧૭. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય પૂરો થયે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો અપીલ થાય તો નામદાર અપીલ અદાલતના હુકમ મુજબ મુદ્દામાલ બાબતે નાઝરશ્રી ડીસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચનાએ પાલન કરવું અને નાઝરશ્રી એ મુદામાલ નાશ કરતા પહેલા અપીલ થયેલ છે કે કેમ તેની ચકાસણી પણ કરવી.

૧૮. આરોપીને કરવામાં આવેલ તમામ કેદની સજા એક સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૧૯. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપીએ જેટલો સમય કાચા કામના કેદી તરીકે આ કામે જેલમાં રહેલ હોય તે સમય આરોપીને કેદની સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૨૦. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ મુજબ આ ચુકાદાની ખરી નકલ આરોપીને તાત્કાલીક પુરી પાડવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨૧. આરોપીને જે દંડ કરવામાં આવેલ છે, તે દંડની રકમમાંથી અડધી રકમ ભોગબનનારને રૂા.૨૦,૦૦૦/–(અંકે રૂપિયા વીસ હજાર પુરા) વળતર તરીકે ચુકવવા.

૨૨. આરોપી દંડની રકમ જમા કરે તેમાંથી ભોગબનનારને રૂા.૨૦,૦૦૦/−(અંકે રૂપિયા વીસ હજાર પુરા) વળતર તરીકે નાઝીર, ડીસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચે તુરત ચુકવી આપવા અને તે ચુકવવા માટે નાઝીર,ડીસ્ટ્રીકટ કોર્ટે ભોગબનનારને તુરત જ નોટીસ કરી જાણ કરવી અને કરેલ કાર્યવાહીનો અત્રેની કોર્ટને તુરત રીપોર્ટ કરવો.

૨૩. આરોપીને કરેલ દંડમાંથી ભોગબનનારને રૂા.૨૦,૦૦૦/−(અંકે રૂપિયા વીસ હજાર પુરા) વળતર ચુકવવા હુકમ કરેલ છે તે બાબતે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો ૨૦૨૦ના નિયમ−૧૦ મુજબ કાર્યવાહી થાય તે માટે આ હુકમની જાણ સી.ડબ્લયુ.સી.,ભરૂચ અને વિ.સચિવશ્રી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચને કરવી.

૨૪. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ−૩૩(૮) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો−૯ની જોગવાઈઓ ધ્યાને લેતા ભોગબનનારને રૂા.૨,૦૦,૦૦૦/−(અંકે રૂપિયા બે લાખ પુરા) વળતર તરીકે ચુકવવા.

૨૫. ભોગબનનારને જે વળતર આપવામાં આવે તેમાંથી ૮૦% રકમ ભોગબનનારના નામે પાંચ વર્ષ સુધી રાષ્ટ્રીકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટ તરીકે રાખવી અને ૨૦% રકમ ભોગબનનારને તેના એકલાના બેંક ખાતા મારફત ચુકવવી.

૨૬. આ ચુકાદાની એક નકલ વિ.સચીવશ્રી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ,ભરૂચને તપાસ કરનાર અધિકારી તથા ભોગબનનાર તથા તેના વાલીને જાણ સારૂ તથા યોગ્ય તે કાર્યવાહી માટે મોકલવાનો હુકમ કરવામાં આવે છે અને ભોગબનનારને વળતર આપવાનો હુકમ કરેલ છે તે બાબતે ભોગબનનારે તથા તેના વાલીએ તુરંત જ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચની કચેરી, કોર્ટ બિલ્ડીંગ,ભરૂચ ખાતે સંપર્ક

કરવો અને ડી.એલ.એસ.એ.ભરૂચમાંથી ભોગબનનારને હુકમ મુજબ તુરત વળતર ચુકવાઇ જાય તે ડી.એલ.એસ.એ. ભરૂચએ જોવું અને ડી.એલ.એસ.એ. ભરૂચ અને સુપ્રીન્ટેન્ડન્ટશ્રી ડી.એલ.એસ.એ. ભરૂચે વળતરની રકમ ભોગબનનારને તુરત મળે તે માટે જરૂર પડે નોટીસ કરી, ડી.એલ.એસ.એ. ભરૂચ સમક્ષ હાજર રહેવા જાણ કરવી અને તેમાં જરૂર પડે સંબંધીત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીને પણ સુપ્રીન્ટેન્ડન્ટશ્રી, ડી.એલ.એસ.એ જાણ કરી મદદ લઈ શકશે.

૨૭. ભોગબનનારને આ ગુનાના અનુસંધાને અગાઉ જો કોઈ સરકાર શ્રીની અન્ય યોજનામાંથી વળતર મળેલ હશે તો તે રકમ ઉપરોકત પેરામાં જણાવેલ વળતરમાંથી બાદ કરીને ભોગબનનારને વળતરની રકમ તુરત નિયત સમયમાં ચુકવવી.

૨૮. ઉપરોકત હુકમ મુજબ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચ તરફથી ભોગબનનારને વળતરની રકમ ચુકવાય તેની માહિતી તુરત અત્રે રજુ થાય તે સુપ્રીટેન્ડન્ટશ્રી, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ,ભરૂચે જોવું.

૨૯. ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ–૩૬૫ પ્રમાણે નામદાર ગુજરાત વડી અદાલતના તા.૨૨/૧૦/૧૯૮૦ના પરીપત્ર નં.૯૦૧ /૮૦ પ્રમાણે આ ચુકાદાના આખરી હુકમની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, ભરૂચને મોકલવી.

૩૦. નામ.ગુજરાત હાઈકોર્ટના પરીપત્રનં.સી.૨૬૨૩/૨૦૦૫,તા.૦૨/ ૦૯/ ૨૦૦૫ અન્વયે સંબંધીત પોલીસ સ્ટેશનના પી.આઈ. ને તથા સંબંધીત જેલ,ભરૂચને આ કામના તહોમતનામાની તથા હુકમની નકલ તુરત મોકલવી તેવો હુકમ કરવામાં આવે છે.

૩૧. ભોગબનનારને તુરત વળતર મળે તે માટે ડી.એલ.એસ.એ., ભરૂચને અને નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચને અત્રેના રેકર્ડમાંથી

ભોગબનનાર સંબંધીત કોઇ માહિતી કે કાગળની નકલની જરૂર પડે અને સચિવશ્રી ડી.એલ.એસ.એ, ભરૂચ તથા નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચ તે કાગળોની નકલ કે ખરી નકલ રેકર્ડ બ્રાન્ચ ડીસ્ટ્રીકટ કોર્ટ,ભરૂચમાં માંગે તો તુરત તે સંબંધીત નકલો કે ખરી નકલો સચિવશ્રી ડી.એલ.એસ.એ.,ભરૂચને તથા નાઝીરશ્રી,ડીસ્ટ્રીકટ કોર્ટ,ભરૂચને મળી જાય તે રેકર્ડ કિપરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચે જોવું.

૩૨. આરોપીની સજાનું વોરંટ જેલરશ્રી ભરૂચ જેલને મોકલવું.

૩૩. આ હુકમની એક નકલ નાઝીર શ્રી, સેસન્સ કોર્ટ, ભરૂચને મોકલવી તેમજ આખર હુકમની એક યાદી રેકર્ડ કિપરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચને મોકલવી.

આ હુકમ આજરોજ તા.૦૪ જુલાઇ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૦૪/૦૭/૨૦૨૬
ભરૂચ

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોકસો જજ, ભરૂચ.
**(U.I.CODE-GJ00659)**

P.P.Shah Guj steno